

RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 012
Dt.: 20-09-2025,
Saturday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.
Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


### અમેરિકા સાથે ચાલી રહેલી વેપાર મંત્રણા વચ્ચે યુએસ પ્રમુખનું સૂચક નિવેદન

# ભારત અને વડાપ્રધાન મોદી સાથે ખૂબ નજીકના સંબંધ છેઃ ડોનાલ્ડ ટ્રમ્પ

### બ્રિટનની મુલાકાતે ગયેલા ડોનાલ્ડ ટ્રમ્પે ગુરુવારે યુકે સાથે વિજ્ઞાન અને ટેકનોલોજી અંગેના ઐતિહાસિક કરાર પર હસ્તાક્ષર કર્યા હતાં

(સંપૂર્ણ સમાચાર સેવા)લંડન

બ્રિટનની મુલાકાતે ગયેલા અમેરિકાના પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત સાથેના સંબંધોની ફરી પુષ્ટી આપતાં જણાવ્યું હતું કે તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ખૂબ જ નજીક છે.

ભારત અને અમેરિકા વચ્ચે વેપાર મંત્રણા ફરી ચાલુ થઈ છે ત્યારે ટ્રમ્પના આ નિવેદનનું વિશેષ મહત્ત્વ છે. તેઓ બ્રિટિશ વડાપ્રધાન કીર સ્ટાર્મર સાથે દ્વિપક્ષીય બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરી રહ્યાં હતાં.યુએસ પ્રેસિડન્ટે પીએમ મોદીને તેમના જન્મદિવસની પૂર્વસંધ્યાએ કરેલા ફોનનો પણ ઉલ્લેખ કર્યો અને કહ્યું હતું તેમણે ભારતીય વડાપ્રધાન સાથે વાતચીત કરી હતી અને તેમના



જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી હતી.ટ્રમ્પે જણાવ્યું હતું કે જ્યારે મને ખબર પડી કે યુરોપિયન દેશો રશિયા પાસેથી તેલ ખરીદી રહ્યાં છે, અને જેમ તમે જાણો છો, હું ભારતની ખૂબ નજીક છું. હું ભારતના વડાપ્રધાનની ખૂબ નજીક છું, ત્યારે મેં બીજા દિવસે તેમને જન્મદિવસની શુભેચ્છા પાઠવવા માટે તેમની સાથે વાતચીત કરી હતી. અમારા સંબંધો ખૂબ સારા છે અને તેમણે એક સારું નિવેદન પણ આપ્યું હતું.એલ્સબરીઃ બ્રિટનની મુલાકાતે ગયેલા ડોનાલ્ડ ટ્રમ્પે ગુરુવારે યુકે સાથે વિજ્ઞાન અને ટેકનોલોજી અંગેના ઐતિહાસિક કરાર પર હસ્તાક્ષર કર્યા હતાં. બ્રિટને શાહી શોભાયાત્રાથી ટ્રમ્પને પ્રભાવિત કરવા માટે શક્ય તમામ પ્રયાસો કર્યા હતાં, કારણ કે હવે અમેરિકા સાથે મહત્ત્વની વેપાર અને બિઝનેસ ડીલ થવાની છે. ટ્રમ્પ અને બ્રિટનના વડાપ્રધાન કીર સ્ટાર્મરે સોદા પર હસ્તાક્ષરની સાથે બિઝનેસ નેતાઓ સાથે ગોળમેજી બેઠક યોજી હતી. આ સમજૂથી બંને દેશો વચ્ચે ટેકનોલોજી રોકાણને પ્રોત્સાહન મળશે. તેમણે દ્વિપક્ષીય બેઠકો પણ યોજી હતી, જેમાં યુક્રેન અને ગાઝામાં યુદ્ધો તથા બ્રિટનથી આયાત થતા સ્ટીલ પર અમેરિકા દ્વારા નક્કી કરવામાં આવતા ટેરિફ દરો અંગે ચર્ચા થવાની અપેક્ષા હતી. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વધુ એક વખત ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ રોકાવ્યું હોવાનો દાવો કર્યો હતો. બ્રિટનના વડાપ્રધાન કિઅર સ્ટાર્મર સાથે અહીં એક પત્રકાર પરિષદને સંબોધતાં ટ્રમ્પે જણાવ્યું હતું કે, રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલાં યુદ્ધનો અંત લાવવા મુદ્દે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને તેમને સૌથી વધુ નિરાશ કર્યા છે. જોકે ટ્રેડ ડીલ રોકવાની ધમકી આપીને તેઓ ભારત અને પાકિસ્તાન વચ્ચેનું યુદ્ધ રોકવામાં સફળ થયાં હતાં તેમ તેમણે જણાવ્યું હતું. ભારત અને પાકિસ્તાન એ બંને પરમાણુ હથિયારો ધરાવતાં દેશો છે. મેં તેમને કહ્યું કે જો તમારે અમારી સાથે વેપાર કરવો હશે તો તમારે અમારી વાત માનવી પડશે.

### ભારતના પ્રયાસોને ઝટકો લાગવાની શક્યતા

## પ્રત્યાર્પણથી બચવા માટે નીરવ મોદીની નવી ચાલ

(સંપૂર્ણ સમાચાર સેવા)લંડન

બ્રિટનની કોર્ટે ભારતના ભાગેડુ નીરવ મોદીને મોટી રાહત આપી છે. જ્યારે કેન્દ્ર સરકાર માટે તેના પ્રત્યાર્પણની મુશ્કેલીમાં વધારો કર્યો છે. યુકેની કોર્ટે નીરવ મોદીની પ્રત્યાર્પણની પ્રક્રિયાને ફરીથી શરૂ કરવાની માગ કરતી અરજી સ્વીકારી છે. જેના લીધે નીરવ મોદીને ભારત લાવવાના પ્રયાસોને ઝટકો વાગ્યો છે.

આ નિર્ણય બાદ ભારત સરકાર અને તપાસ એજન્સીઓ લંડનને જવાબ મોકલવાની તૈયારી કરી રહ્યું છે. જેથી કાયદાકીય કાર્યવાહીથી બચી શકાય. વરિષ્ઠ અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું કે, નીરવ મોદીએ પોતાની લીગલ ટીમ મારફત ગત મહિને યુકેની વેસ્ટમિંસ્ટર કોર્ટમાં અપીલ કરી હતી, જેમાં તેની ભારત પ્રત્યાર્પણની વિરૂદ્ધ અપીલ ફરીથી શરૂ કરવાની માગ થઈ હતી. કોર્ટે આ માગ સ્વીકારી ભારત સરકારને નોટિસ મોકલી છે.



નીરવ મોદીએ અરજીમાં દાવો કર્યો હતો કે, જો તેને ભારત મોકલવામાં આવે તો અનેક એજન્સીઓ પૂછપરછ કરશે અને તે દરમિયાન અનેક યાતનાઓનો સામનો કરવો પડી શકે છે. કોર્ટે આ અરજી પર સુનાવણીની તારીખ જાહેર કરી નથી.

ભારત સરકારે નોટિસ મુદ્દે જાણકારી આપી હતી કે, અમે વિસ્તારપૂર્વક જવાબ આપવાની તૈયારી કરી રહ્યા છીએ. જે રાજકીય ચેનલ્સના માધ્યમથી મોકલવામાં આવશે. અમે નીરવના દાવાઓનું ખંડન કરીશું. અમે કોર્ટને આ અરજી ફગાવવા અપીલ કરીશું. કારણકે પ્રત્યાર્પણનો આદેશ ૨૦૨૨માં આપવામાં આવ્યો હતો.

નીરવ મોદી પર પંજાબ નેશનલ બેંક કૌભાંડમાં છેતરપિંડી, ગુનાઈત ષડયંત્ર, વિશ્વાસઘાત, ભ્રષ્ટાચાર, મની લોન્ડરિંગ, અને કરાર ઉલ્લંઘનના ગંભીર આરોપ છે. નીરવ મોદી બેન્કનું રૂ. ૧૩૦૦૦ કરોડનું ફૂલેકું ફેરવીને લંડન પલાયન થઈ ગયો હતો. ૨૦૧૧થી ૨૦૧૭ સુધી તેની કંપનીઓએ પીએનબીની મુંબઈ બ્રાન્ચ પાસેથી ૧૨૦૦થી વધુ નકલી લેટર્સ ઓફ અંડરટેકિંગ (LOU) હાંસલ કર્યા હતા. જેનો ઉપયોગ વિદેશી બેંકો પાસેથી લોન મેળવવા કર્યો હતો.

ભારત સરકારે નીરવ મોદીના પ્રત્યાર્પણ મામલે સ્પષ્ટતા કરી હતી કે, જો તેનું પ્રત્યાર્પણ થાય તો તેના પર ભારતીય કાયદા હેઠળ કેસ ચલાવવામાં આવશે. કોઈ પણ એજન્સી તરફથી તેની પૂછપરછ નહીં થાય.

## મણિપુરમાં આસામ રાઈફલ્સના કાફલા પર અંધાધૂંધ ફાયરિંગ

(સંપૂર્ણ સમાચાર સેવા)મણિપુર

મણિપુરના બિષ્ણુપુર જિલ્લામાં શુક્રવાર ૧૯ સપ્ટેમ્બરે સાંજે સુરક્ષાદળો પર ભીષણ હુમલો કરવામાં આવ્યો છે. સાંજે ૫.૫૦ વાગ્યે નમ્બોલ સબાલ લાઈકાઈ વિસ્તાર પાસે અજ્ઞાત હુમલાખોરોએ આસામ રાઈફલ્સના સુરક્ષાકર્મીઓના વાહન પર અંધાધૂંધ ફાયરિંગ કર્યું. સુરક્ષાકર્મીઓનો કાફલો ઈમ્ફાલથી બિષ્ણુપુર જઈ રહ્યો હતો. પ્રાથમિક અહેવાલ અનુસાર ફાયરિંગની ઘટનામાં એક જવાનની હાલત ગંભીર છે. જ્યારે અન્ય કેટલાક જવાનો પણ ઈજાગ્રસ્ત થયા છે. ઘાયલ જવાનોની હોસ્પિટલમાં સારવાર કરવામાં આવી રહી છે. ઘટનાસ્થળ પર ફોરેન્સિક તપાસ શરૂ કરવામાં આવી છે તથા આસપાસના વિસ્તારમાં પણ સુરક્ષા વધારી દેવામાં આવી છે. હાલ તો હુમલાખોરોની ઓળખ થઈ શકી નથી પરંતુ તેમને શોધવા માટે આસામ રાઈફલ્સના જવાનો તથા સ્થાનિક પોલીસે સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે.

## NDA સમક્ષ ચિરાગ પાસવાનની શરતઃ ૨ બેઠકો ઓછી મળે તેનો વાંધો નહીં પણ સ્ટ્રાઈક રેટ જરૂરી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)પટણા

બિહારમાં આગામી મહિનાઓમાં વિધાનસભામાં ચૂંટણી યોજાવા જઈ રહી છે. જેને લઈને જોર-શોરથી તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. આ વચ્ચે કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાને બેઠકોની વહેંચણીને લઈને એક મોટી વાત કહી દીધી છે. તેમણે કહ્યું કે, અમારા માટે બેઠકોની સંખ્યા મહત્વપૂર્ણ નથી, પરંતુ એ બેઠકો મહત્વપૂર્ણ છે જ્યાં અમે જીતી શકીએ છીએ.



લોક જનશક્તિ પાર્ટી (રામ વિલાસ)ના રાષ્ટ્રીય અધ્યક્ષ ચિરાગ પાસવાને કહ્યું કે, હું ઈચ્છું છું કે, અમારી પાર્ટીએ જે રીતે લોકસભામાં પ્રદર્શન કર્યું હતું, એવી જ રીતે વિધાનસભા ચૂંટણીમાં પણ પાર્ટીનું પ્રદર્શન રહે. એટલે કે ૧૦૦% સ્ટ્રાઈક રેટ. અમારા માટે માત્ર એ જ બેઠકો મહત્વની છે જ્યાં અમારી પાર્ટી જીતી શકે છે. પછી ભલે બે બેઠકો ઓછી મળે તો વાંધો નહીં પણ સ્ટ્રાઈક રેટ જરૂરી છે. ચિરાગે એક યુટ્યુબ ચેનલ સાથે વાત કરતી વખતે આ વાતો કરી હતી.

ગત વર્ષે યોજાયેલી લોકસભા ચૂંટણીમાં ચિરાગની પાર્ટી એલજેપીને એનડીએ દ્વારા ચૂંટણી લડવા માટે પાંચ બેઠકો આપી હતી, જેમાં તેમની પાર્ટીને પાંચેય બેઠકો પર જીત મળી હતી. ત્યારથી જ ચિરાગનો ઉત્સાહ ખૂબ જ ઉંચો છે. આ જ કારણોસર ચિરાગ ઈચ્છે છે કે, તેને એ જ બેઠકો મળે જ્યાં તેમની પાર્ટી જીત મળે.

ભલે બિહાર ચૂંટણીની જાહેરાત હજુ સુધી નથી થઈ, પરંતુ સીટ શેરિંગને લઈને બેઠકો શરૂ થઈ ગઈ છે. ભાજપ અને જેડીયુના નેતૃત્વ હેઠળના એનડીએ ગઠબંધનમાં ટૂંક સમયમાં બેઠકોનું વિભાજન થઈ શકે છે. મીડિયા અહેવાલ પ્રમાણે બિહારની ૨૪૩ બેઠકોમાંથી જેડીયુને ૧૦૨-૧૦૩ બેઠકો, ભાજપને ૧૦૧-૧૦૨ બેઠકો, ચિરાગ પાસવાનની એલજેપી (રામ વિલાસ)ને ૨૫-૨૮ બેઠકો, જીતન રામ માંઝીની હમને ૬-૭ બેઠકો અને ઉપેન્દ્ર કુશવાહાની આરએલએમને ૪-૫ બેઠકો મળી શકે છે.

## દિશા પટણીના ઘરે ફાયરિંગ કરનારી ગેંગના પાંચમા આરોપીનું એન્કાઉંટર

(સંપૂર્ણ સમાચાર સેવા)બરેલી

ઉત્તર પ્રદેશ પોલીસે બોલિવૂડ એક્ટ્રેસ દિશા પટણીના ઘર પર ફાયરિંગના કાવતરામાં સામેલ પાંચમા રેકી કરનારા આરોપીને શાહી વિસ્તારમાં અથડામણ દરમ્યાન પકડી લીધો છે. શુક્રવાર રાતે બિહારીપુર નદી પુલ નજીક પોલીસ અને અપરાધીઓ વચ્ચે ગોળીબાર થયો હતો. જેમાં ૧૯ વર્ષિય રામનિવાસ ઉર્ફ દીપક ઉર્ફ દીપૂને ગોળી વાગતા ઘાયલ થઈ ગયો છે. આરોપી પર ૨૫ હજાર રૂપિયાનું ઈનામ પણ જાહેર કર્યું હતું.

પોલીસે તેના કબ્જામાંથી એક પિસ્તોલ ૩૨ બોર, ચાર જીવતા તથા ચાર ખોખા કારતૂસ જપ્ત કર્યા છે. તો વળી ઘટનાસ્થળેથી અન્ય આરોપી અનિલ પુત્ર સતીશ રાજપુરનો રહેવાસી પણ પકડાયો છે. જેની પાસેથી તમંચો, ૩૧૫ બોર, બે જીવતા અને ચાર ખોખા કારતૂસ મળ્યા છે. બંને આરોપી નંબર પ્લેટ વિનાની સ્પ્લેંડર બાઈક પર જતાં હતા.

### એક બળાત્કારના કેસમાં કાર્યવાહી કરવામાં આવી

## ભાગેડુ લલીત મોદીના ભાઈની દિલ્હી એરપોર્ટથી અટકાયત

### મહિલાના જણાવ્યા પ્રમાણે, ૨૦૧૯થી સમીર મોદી તેમને વારંવાર બળાત્કાર, છેતરપિંડી અને ધમકી આપતા રહ્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

ભાગેડુ બિઝનેસમેન લલિત મોદીના ભાઈ સમીર મોદીને ગુરુવારે દિલ્હીના ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી ધરપકડ કરવામાં આવી હતી. તેની ધરપકડ ૨૦૧૯ના બળાત્કારના કેસમાં કરવામાં આવી છે. જણાવી દઈએ કે, તેમના વિરુદ્ધ દિલ્હી પોલીસે FIR નોંધી હતી. સમીર મોદી વિદેશથી પરત ફરી રહ્યો હતો, ત્યારે જ લુકઆઉટ સર્ક્યુલર (LOC)ના આધારે તેમને અટકાવીને કોર્ટે તેમને એક દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલી દીધો છે.

દિલ્હી પોલીસે ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ ન્યૂ ફ્રેન્ડ્સ કોલોની પોલીસ સ્ટેશનમાં FIR નોંધી, જેમાં એક મહિલાએ સમીર મોદી વિરુદ્ધ ગંભીર આરોપો લગાવ્યા હતા. મહિલાના જણાવ્યા પ્રમાણે, ૨૦૧૯થી સમીર મોદી તેમને વારંવાર બળાત્કાર, છેતરપિંડી અને ધમકી આપતા રહ્યો છે. FIRમાં વધુ કહેવામાં આવ્યું છે કે, સમીર મોદીએ મહિલાને ફેશન અને લાઈફસ્ટાઈલ ઈન્ડસ્ટ્રીમાં કારકિર્દીની તકો આપવાના બહાને નજીક લાવી હતી. ડિસેમ્બર ૨૦૧૯માં તેમના ન્યૂ ફ્રેન્ડ્સ કોલોના ઘરે તેમણે તેમના પર દુષ્કર્મ ગુજાર્યો હતો. મહિલા અનુસાર, જો આ બાબતે કોઈને જાણ કરશે તો, મહિલા અને તેમના પરિવારને જાનથી મારી નાખવાની ધમકીઓ આપવામાં આવી હતી. સમીર મોદીએ તેમના પાવરનો ઉપયોગ કરીને ધમકીઓ અને ખોટા વચનો દ્વારા તેમને ચૂપ કરાવવાનો પ્રયાસ કર્યો હતો. મહિલાએ વધુમાં કહ્યું કે, સમીરે તેમને લગ્નના ખોટા વચનો આપીને દુષ્કર્મ, હુમલો અને બ્લેકમેલિંગ કર્યું હતું. આ કેસ IPCની કલમ ૩૭૬ (બળાત્કાર) અને ૫૦૬ (ગુનાહિત ધમકી) હેઠળ નોંધાયો છે. જેને લઈને પોલીસે વધુ તપાસ માટે આગળની કાર્યવાહી શરૂ કરી છે.

૫૫ વર્ષીય સમીર મોદી, લલિત મોદીના ભાઈ છે અને તેઓ મોદીકેરના સ્થાપક અને મેનેજિંગ ડિરેક્ટર છે, જે એક ડાયરેક્ટ સેલિંગ કંપની છે. તેઓ મોદી એન્ટરપ્રાઈઝના મેનેજિંગ ડિરેક્ટર પણ છે અને ગોડફ્રે ફિલિપ્સ ઈન્ડિયાના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર પદ પર છે. પાછલા વર્ષે તેઓ તેમની માતા બીના મોદી સાથે વારસાના વિવાદને કારણે સમાચારોમાં આવ્યા હતા. જૂન ૨૦૨૪માં, તેમણે પરિવારી કલેશ વચ્ચે માતા તરફથી ધમકીઓના આરોપમાં દિલ્લી પોલીસ પાસેથી સુરક્ષા માંગી હતી. ૨૦૧૯માં પિતા કે.કે. મોદીના અવસાન પછી ૧૧,૦૦૦ કરોડના વારસાના વિતરણના વિવાદને લઈને આ માંગ કરવામાં આવી હતી. સમીર મોદીના વકીલ સાકુરા એડવાઈઝરીના સિમરન સિંહે આ આરોપોને ખોટા ગણાવે છે અને કહે છે કે, આ મહિલા ૨૦૧૯થી તેમની સાથે સંબંધમાં હતી અને હવે તે પૈસા પડાવીને બ્લેકમેલિંગ કરી રહી છે. વકીલોના જણાવ્યા પ્રમાણે, "૮ અને ૧૩ ઓગસ્ટે સમીર મોદીએ વિવિધ પોલીસ અધિકારીઓ પાસે મહિલા વિરુદ્ધ ખંડણી અને બ્લેકમેલિંગની ફરિયાદો કરી હતી. આ ફરિયાદોમાં તેમની વચ્ચેના વોટ્સએપ ચેટ્સના પુરાવા છે, જેમાં તેણી ૫૦ કરોડની માંગ કરી રહી છે. તેઓ આને "કાયદાના દુરુપયોગ અને પોલીસની અધિકાર બહારની કાર્યવાહી" ગણાવી છે. વકીલો કહે છે કે, તેઓ ન્યાયાલય અને તપાસ એજન્સીઓ પર વિશ્વાસ રાખે છે અને પરિવારની ગોપનીયતાનું સન્માન કરવાની અપીલ કરી રહ્યા છે. મહિલા ગોડફ્રે ફિલિપ્સ ઈન્ડિયાની પૂર્વ કર્મચારી હોવાનું પણ જણાવાયું છે. આ કેસમાં વધુ તપાસ ચાલી રહી છે અને સમીર મોદીને શુક્રવારે ફરી કોર્ટમાં હાજર કરવામાં આવશે.

## દુનિયાની પ્રથમ AI મંત્રીનું સંસદમાં વિસ્ફોટક ભાષણ

(સંપૂર્ણ સમાચાર સેવા)આલ્બેનિયા

આલ્બેનિયાએ વિશ્વના પ્રથમ એઆઈ મંત્રીની નિમણૂક કરી છે. જેમનું નામ ડાયેલા છે. તે એક રીતે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ છે. આલ્બેનિયાની નેશનલ એજન્સી ફોર ઈન્ફોર્મેશન સોસાયટીએ માઈક્રોસોફ્ટના સહયોગથી એઆઈ મંત્રી વિકસિત કર્યા છે.

આલ્બેનિયા સરકારની એઆઈ મંત્રી ડાયેલાએ આજે પ્રથમ વખત સંસદને સંબોધી હતી. સંસદને સંબોધિત કરતાં કહ્યું કે, વિપક્ષ મારી નિમણૂકને વારંવાર ગેરબંધારણીય ગણાવી રહ્યા છે. વિપક્ષના આ આરોપોથી હું દુઃખી છું. હું માત્ર લોકોની મદદ માટે છું. મારો હેતુ માનવીને રિપ્લેસ કરવાનો નથી. હું કોઈનું પણ સ્થાન લેવા માગતી નથી. અલ્બેનિયમ ભાષામાં ડાયેલાનો અર્થ સૂરજ થાય છે.

આલ્બેનિયાની પારંપારિક વેશભૂષામાં મહિલા રૂપે તૈયાર કરવામાં આવ્યા છે. તેનો અવાજ અને ચહેરો આલ્બેનિયાની અભિનેત્રી અનિલા બિશાથી પ્રેરિત છે. આલ્બેનિયાના વડાપ્રધાન એદી રામાએ ૧૨ સપ્ટેમ્બરના રોજ પોતાની ચોથી કેબિનેટ બેઠકમાં ડાયેલાને જાહેર ખરીદ મંત્રાલયના મંત્રી તરીકે પસંદ કર્યા હતાં. જેની જાહેરાત તિરાનાની સંસદમાં થઈ હતી. આલ્બેનિયા યુરોપિયન સંઘમાં સામેલ થવાની પ્રક્રિયામાં છે, પરંતુ તેને ભ્રષ્ટાચારનો સૌથી મોટો પડકાર નડી રહ્યો છે. ડાયેલાની પસંદગી સરકારી ટેન્ડર પ્રક્રિયામાં પારદર્શિતા લાવવા અને ભ્રષ્ટાચાર દૂર કરવા માટે થઈ છે. રામા સરકારના ટેક્નિકલ ઈનોવેશન અને ભ્રષ્ટાચાર વિરોધી છબિને પ્રોત્સાહન આપવાની રણનીતિનો એક ભાગ છે.

AI મંત્રી ડિએલાને ભ્રષ્ટાચાર રોકવાની જવાબદારી સોંપવામાં આવી છે. આલ્બેનિયાના વડાપ્રધાને કહ્યું છે કે AI મંત્રી પબ્લિક ફંડિંગ પ્રોજેક્ટ્સ તથા સરકારી ટેન્ડરો પર નજર રાખશે. તેમનો વાયદો છે કે AIની મદદથી ટેન્ડરમાં ૧૦૦ ટકા ભ્રષ્ટાચાર નાબૂદી કરવામાં આવશે.

નોંધનીય છે કે ૨૦૨૫ની શરૂઆતમાં s e-Albania નામના સરકારી ડિજિટલ પ્લેટફોર્મ પર ડિએલાને લોન્ચ કરવામાં આવી હતી.




# તંત્રી લેખ......

## ટ્રમ્પની લોકપ્રિયતા ગગડી

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની લોકપ્રિયતામાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. તેમના કાર્યકાળના ૨૪૨ દિવસ પૂરા થતા, તેમની નેટ અપ્રુવલ રેટિંગ -૧૭% પર પહોંચી ગઈ છે. તેમની ટેરિફ અને વિદેશ નીતિઓ, કડક ઈમિગ્રેશન પોલિસી, સરકારી નોકરીઓમાં ઘટાડો અને શૈક્ષણિક સંસ્થાઓને નિશાન બનાવવાની નીતિઓ જેવા અનેક કારણોને લીધે તેમની લોકપ્રિયતામાં આ ઘટાડો થયો છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, છેલ્લા અઠવાડિયાની સરખામણીમાં ટ્રમ્પની લોકપ્રિયતામાં ૨.૬ પોઈન્ટ્સનો ઘટાડો થયો છે. તાજેતરના આંકડા મુજબ, માત્ર ૩૯% લોકો જ તેમના કામથી સંતુષ્ટ છે, જ્યારે ૫૬% લોકો અસંતુષ્ટ છે. આ ઉપરાંત, ૪% લોકોએ કોઈ ચોક્કસ અભિપ્રાય આપ્યો નથી. છેલ્લા નવ મહિનામાં, ટ્રમ્પે અમેરિકી સરકારમાં નોંધપાત્ર ફેરફારો લાવવાનો પ્રયાસ કર્યો છે. તેમણે પોતાના કાર્યકારી આદેશોનો ઉપયોગ કરીને વેપાર સમજૂતીઓ, ઈમિગ્રેશન, સરકારી કર્મચારીઓ અને વિદેશ નીતિમાં મોટા બદલાવ કર્યા છે. આ સાથે, તેમણે તેમના ભાષણો અને ન્યાય વિભાગ દ્વારા અમેરિકી યુનિવર્સિટીઓ, ન્યાયાધીશો, વકીલો, મીડિયા અને અન્ય વ્યવસાયો પર આકરા પ્રહારો કર્યા છે. આ બધી નીતિઓ અને તેમની આક્રમક શૈલીને કારણે અમેરિકી જનતામાં નારાજગી વધી રહી છે. ટ્રમ્પે સત્તામાં આવતાની સાથે જ ટેરિફ પોલિસી અપનાવી. તેમણે વેપાર અસંતુલન ઘટાડવા અને અમેરિકન ઉદ્યોગોને ટેકો આપવાના બહાને વિશ્વના દેશો પર ટેરિફ લગાવવાની જાહેરાત કરી હતી. અમેરિકાનો સૌથી મોટો વેપારી ભાગીદાર હોવા છતાં, ભારતીય વસ્તુઓ પર ટ્રમ્પે ૨૫% ટેરિફ લગાવ્યો. આ ઉપરાંત, રશિયન તેલની ખરીદીને કારણે ભારત પર વધુ ૨૫%નો વધારાનો ટેરિફ લાદ્યો, જેના કારણે ૨૭ ઓગસ્ટથી કુલ ૫૦% ટેરિફ લાગુ થયો. આનાથી ભારતના વસ્ત્ર અને ઘરેણાંના ઉદ્યોગોને મોટું નુકસાન થયું છે અને સાથે જ અમેરિકામાં ભારતીય ઉત્પાદનો મોંઘા થવાથી ત્યાં પણ મોંઘવારી વધી છે, જેના કારણે અમેરિકન જનતામાં નારાજગી જોવા મળે છે. ટ્રમ્પની આ ટેરિફ નીતિએ ભારત-અમેરિકાના સંબંધોમાં તણાવ ઊભો કર્યો છે. અમેરિકન નિષ્ણાતો તેમની વિદેશ નીતિની ટીકા કરતા કહે છે કે અગાઉના અમેરિકન પ્રમુખોએ બંને દેશોના સંબંધો સુધારવા માટે જે મહેનત કરી હતી, તેના પર ટ્રમ્પે પાણી ફેરવી દીધું છે.

### ગાંગુલી, હરભજન, મોરે કે કોઈ ચોંકાવનારૂ નામ?

## BCCI અધ્યક્ષ પર ૨૦ સપ્ટેમ્બરે થશે નિર્ણય

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય ક્રિકેટમાં ૨૮ સપ્ટેમ્બર એક મોટો દિવસ સાબિત થઈ શકે છે, જ્યારે **BCCI** (ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ) પોતાની વાર્ષિક સાધારણ સભામાં નવા પદાધિકારીઓની પસંદગી કરશે. પરંતુ અસલી નિર્ણય તે પહેલા થઈ જવાની આશા છે. સૂત્રો પ્રમાણે ૨૦ સપ્ટેમ્બરની રાત્રે દિલ્હીમાં યોજાનારી મહત્વની બેઠકમાં બીસીસીઆઈની કમાન કોને મળશે, તેનો માર્ગ મોકળો બની જશે.

અધ્યક્ષ તરીકે રોજર બિન્નીનો કાર્યકાળ જુલાઈમાં તેમના ૭૦ વર્ષ પૂરા થવાની સાથે સમાપ્ત થઈ ગયો હતો. બિન્ની ઓક્ટોબર ૨૦૨૨મા બીસીસીઆઈના અધ્યક્ષ બન્યા હતા અને બોર્ડના બંધારણમાં આ પદ માટે ૭૦ વર્ષની ઉંમર નિર્ધારિત છે.

દિલ્હીની બેઠકમાં બીસીસીઆઈનું ભવિષ્યનું ચિત્ર સ્પષ્ટ થઈ જશે. આ વખતે સૌરવ ગાંગુલીનું નામ ચર્ચામાં છે. હરભજન સિંહ અને કર્ણાટકના પૂર્વ ટેસ્ટ ક્રિકેટર રઘુરામ ભટ્ટનો પણ ઉલ્લેખ છે. તો પૂર્વ વિકેટકીપર કિરણ મોરેનું નામ પણ ચર્ચામાં છે. ભલે મોરેનું નામ સત્તાવાર યાદીમાં ન હોય, પરંતુ રાજ્ય સંઘની પ્રતિનિધિ બદલવાની જોગવાઈ આ અટકળને હવા આપે છે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાના વાયદામાં રૂ.૩૩૮ અને ચાંદીના વાયદામાં રૂ.૧,૧૬૬નો ઉછાળોઃ ક્રૂડ તેલના વાયદામાં રૂ.૩૬ની નરમાઈ

**એલચીના વાયદામાં રૂ.૨૭ની વૃદ્ધિઃ નેચરલ ગેસ, મેન્થા તેલના વાયદામાં સીમિત ઘટાડોઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૬૮૪૧.૨૯ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૦૫૬૭૫.૭૨ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૪૩૦૭.૪૩ કરોડનાં કામકાજ**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૧૨૨૫૧૭.૦૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૬૮૪૧.૨૯ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૦૫૬૭૫.૭૨ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૮૩૦.૨૬ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૪૩૦૭.૪૩ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૯૨૫૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૯૬૭૮ અને નીચામાં રૂ.૧૦૯૧૫૮ના મથાળે અથડાઈ, રૂ.૧૦૯૦૫૨ના આગલા બંધ સામે રૂ.૩૩૮ વધી રૂ.૧૦૯૩૯૦ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ગિની સપ્ટેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૨૯૨ વધી રૂ.૮૭૯૨૯ થયો હતો. ગોલ્ડ-પેટલ સપ્ટેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૩૧ વધી રૂ.૧૦૯૯૯ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૩૯૧ વધી રૂ.૧૦૯૩૪૨ થયો હતો. ગોલ્ડ-ટેન સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૯૩૫૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૯૭૯૫ અને નીચામાં રૂ.૧૦૯૩૩૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૦૯૨૫૬ના આગલા બંધ સામે રૂ.૩૭૯ વધી રૂ.૧૦૯૬૩૫ થયો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૨૭૫૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૮૯૪૫ અને નીચામાં રૂ.૧૨૭૫૦૦ના મથાળે અથડાઈ, રૂ.૧૨૭૧૩૨ના આગલા બંધ સામે રૂ.૧૧૬૬ વધી રૂ.૧૨૮૨૯૮ થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૧૨૧૭ વધી રૂ.૧૨૮૩૨૮ થયો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૧૧૯૦ વધી રૂ.૧૨૮૨૯૬ના સ્તરે પહોંચ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ.૧૬૪૫.૬૨ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી સપ્ટેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૮૦૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૮૧૭ અને નીચામાં રૂ.૩૭૮૦ના સ્તરને સ્પર્શી, રૂ.૨૫ ઘટી રૂ.૩૭૯૯ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ સપ્ટેમ્બર વાયદો બેરલદીઠ રૂ.૫૫૯૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૬૧૧ અને નીચામાં રૂ.૫૫૫૫ના સ્તરને સ્પર્શી, રૂ.૫૫૯૧ના આગલા બંધ સામે રૂ.૩૬ ઘટી રૂ.૫૫૫૫ થયો હતો. ક્રૂડ તેલ-મિની સપ્ટેમ્બર વાયદો રૂ.૨૯ ઘટી રૂ.૫૫૬૦ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ સપ્ટેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧.૩ ઘટી રૂ.૨૫૭.૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ-મિની સપ્ટેમ્બર વાયદો રૂ.૧.૫ ઘટી રૂ.૨૫૭.૬ના ભાવે બોલાયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૯૦ના ભાવે ખૂલી, રૂ.૪.૯ ઘટી રૂ.૯૮૬.૬ થયો હતો. એલચી સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૬૫૮ના ભાવે ખૂલી, રૂ.૨૭ વધી રૂ.૨૬૭૮ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૭૦૫૮.૪૭ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૭૨૪૮.૯૫ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ.૪૭૫.૭૨ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૭૨.૫૨ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૩૧.૦૧ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૨૧૫.૫૮ કરોડનાં કામકાજ થયાં હતાં. ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૧૩.૭૮ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૪૮૮.૮૯ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૧૧૪૨.૯૬ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૪.૭૨ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૧.૨૦ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૨૦૪૩૫ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૫૨૫૯૩ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૭૬૮૦ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૨૬૨૦૯૫ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૨૩૫૬૪ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૨૦૩૫૫ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૮૫૧૨ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૫૮૮૩૨ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૫૫૫ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૫૮૪૯ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૪૪૨૧૬ લોટના સ્તરે રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ઓક્ટોબર રૂ.૫૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૫.૫ ઘટી રૂ.૧૬૧.૯ થયો હતો. જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૭૫ પૈસા ઘટી રૂ.૫.૫ના ભાવે બોલાયો હતો.

સોનું સપ્ટેમ્બર રૂ.૧૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૯.૫ વધી રૂ.૪૦૪ થયો હતો. આ સામે ચાંદી સપ્ટેમ્બર રૂ.૧૩૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૫૪ વધી રૂ.૮૩૬.૫ થયો હતો. તાંબું સપ્ટેમ્બર રૂ.૯૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૨૧ પૈસા વધી રૂ.૨.૪૯ થયો હતો. જસત સપ્ટેમ્બર રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૯૩ પૈસા ઘટી રૂ.૭.૫૫ના ભાવે બોલાયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ઓક્ટોબર રૂ.૫૬૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૨ ઘટી રૂ.૧૪૬ થયો હતો. નેચરલ ગેસ-મિની સપ્ટેમ્બર રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૬૫ પૈસા ઘટી રૂ.૨.૩૫ થયો હતો. સોનું-મિની સપ્ટેમ્બર રૂ.૧૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૧ વધી રૂ.૪૧૯ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની સપ્ટેમ્બર રૂ.૧૩૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૭૮.૫ વધી રૂ.૮૦૭ના ભાવે બોલાયો હતો. પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ઓક્ટોબર રૂ.૫૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૨.૫ વધી રૂ.૨૧૭.૬ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૪૦ પૈસા વધી રૂ.૭.૬૫ના ભાવે બોલાયો હતો. સોનું સપ્ટેમ્બર રૂ.૧૦૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૩૪.૫ ઘટી રૂ.૪૯૬ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી સપ્ટેમ્બર રૂ.૧૨૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૬૦૧.૫ ઘટી રૂ.૯૭૪ના ભાવે બોલાયો હતો. તાંબું સપ્ટેમ્બર રૂ.૯૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૩૩ ઘટી રૂ.૨.૨ના ભાવે બોલાયો હતો. જસત સપ્ટેમ્બર રૂ.૨૭૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૩૯ પૈસા વધી રૂ.૦.૮૯ થયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ઓક્ટોબર રૂ.૫૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૫.૪ વધી રૂ.૨૨૦.૦૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની સપ્ટેમ્બર રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૫૦ પૈસા વધી રૂ.૭.૭ના ભાવે બોલાયો હતો. સોનું-મિની સપ્ટેમ્બર રૂ.૧૦૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૨૨.૫ ઘટી રૂ.૫૬૨ થયો હતો. ચાંદી-મિની સપ્ટેમ્બર રૂ.૧૨૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૯૮ ઘટી રૂ.૪૧૯ના ભાવે બોલાયો હતો.

### બિહારમાં મોટી ટ્રેન દુર્ઘટના

## વંદે ભારત એક્સપ્રેસની ચપેટમાં આવી જતાં ત્રણ લોકોના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)પટના

બિહારની રાજધાની પટનાથી અડીને આવેલા પંડારખ વિસ્તારના મમરખા બાદ સ્ટેશન પર એક મોટી દુર્ઘટના ઘટી ગઈ. હરનૌતથી ગોપકિતા ગામમાં દીકરી માટે શગુન લઈને જઈ રહેલા એક જ પરિવારના ત્રણ સભ્યો વંદે ભારત એક્સપ્રેસની ચપેટમાં આવી ગયા, જેનાથી તેમના મોત થઈ ગયા છે. ગંભીર અવસ્થામાં એક વ્યક્તિને પીએમસીએચ પટના રેફર કર્યો છે. મૃતકોમાં જીતો માંઝી, પ્રીતલાલ માંઝી અને ગોવિંદ માંઝી સામેલ છે. આ લોકો હરનૌત વિસ્તારના ટારા પર ગામના રહેવાસી હતા. આજે આ લોકો શગુન લઈને ગોપીતા જઈ રહ્યા હતા. જ્યારે મેકરા મમરખા ગામ નજીક પહોંચ્યા, જ્યાં આ દુર્ઘટના ઘટી હતી. ત્રણેય મૃતદેહ પંડારક પીએસસીમાં રાખ્યા છે. રેલવે પોલીસ ઘટનાસ્થળે પહોંચી આ મામલે તપાસ કરી રહી છે. સ્થાનિક લોકો અનુસાર, રેલવે ટ્રેક પાર કરતી વખતે બંને સાઈડમાંથી ટ્રેન આવી ગઈ. આ દરમ્યાન દુર્ઘટના થઈ ગઈ. કહેવાય છે કે મોકામાથી પટના જઈ રહેલી વિક્રમશિલા અપ ટ્રેનની યાત્રા દરમ્યાન ડાઉન ટ્રેક પર વંદે ભારત ટ્રેન પસાર થઈ રહી હતી. રેલવે પુલની નીચે પાણી ભરાયું હોવાના કારણે તમામ લોકો ગાડી છોડી રેલવે ટ્રેક પાર કરી રહ્યા હતા, ત્યારે આ ઘટના ઘટી.

જાણકારી અનુસાર, હરનૌતથી ગોપકિતા ગામમાં દીકરીનું શગુન લઈને જઈ રહેલા એક જ પરિવારના ત્રણ સભ્યોનું વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનની ચપેટમાં આવી જવાથી મોત થઈ ગયા છે. તો વળી એકને ગંભીર અવસ્થામાં પીએમસીએચ પટના રેફર કર્યો છે. ત્રણેય મૃતક જીતો માંઝી, પ્રીતલાલ માંઝી અને ગોવિંદ માંઝી હરનૌત વિસ્તારના ટારા ગામના રહેવાસી હતા.

## પાટણમાં કેન્દ્રીય વિદ્યાલયમાં ચકચારી બની ઘટનાઃ ધો.૮ની સગીરાને કહ્યુ કોઈને કહીશ તો એલસી પકડાવી દઈશું



પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

પાટણ જિલ્લાના કેન્દ્રીય વિદ્યાલયમાં ચોંકાવનારી ઘટના બહાર આવી છે, ધો. ૮ ની વિદ્યાર્થી ની પર તેના જ વર્ગના વિદ્યાર્થીઓએ બ્લેડ થી ચેકા મારી તેમજ લાઈટર થી ડામ આપ્યો હતો,સતત પજવણીથી કંટાળી બાળાએ આત્મહત્યાનો પ્રયાસ કરતા શાળા તંત્ર અને શિક્ષકો પર ગંભીર સવાલો ઉભા થવા પામ્યા છે. મળતી માહિતી પ્રમાણે પીડીતા બાળાને તેના જ વર્ગના ૩ વિદ્યાર્થીઓએ બ્લેડ ના ચેકા માર્યા હતા. હાથ પર ચેકા માર્યા બાદ લાઈટર થી પણ ડામ આપવામાં આવ્યા હતા. સતત ચાલતી પજવણીથી કંટાળી બાળાએ પોતાના ઘરે ઝેરી દવા ગટગટાવી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. પરીસ્થિતિ ગંભીર બનતા પરીવારજનોએ બાળાને તાત્કાલીક ખાનગી હોસ્પીટલમાં સારવાર માટે ખસેડી હતી. હાલ તેણી સારવાર હેઠળ છે. સગીરાના પિતાએ શાળા સંચાલકો અને શિક્ષકો પર ગંભીર આક્ષેપો લગાડયા છે. સીસીટીવી ફુટેજ માગતા આચાર્યએ પાસવર્ડ ન હોવાનુ કહી દીધુ હતુ. એક શિક્ષકે તો કહી દીધુ હતુ કે કોઈને કહેશો તો એલસી પકડાવી દઈશુ, એવી ધમકી આપવામાં આવી હતી. ઘટનાને અંજામ આપનાર ૩ વિદ્યાર્થીઓ વિરૂધ્ધ ગોલપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. પિતાએ પોલીસને જણાવ્યુ હતુ કે લાંબા સમયથી પુત્રીને પજવવામાં આવી રહી હતી. પરંતુ શાળા તંત્રએ યોગ્ય પગલા લીધા ન હતા. આ બનાવથી સ્થાનિકોમાં આક્રોશ ફેલાયો છે. નાગરીકો અને વાલીઓએ માંગણી કરી છે કે દોષિત વિદ્યાર્થીઓ તથા જવાબદાર શિક્ષકો વિરૂધ્ધ કડક પગલા લેવાય, નહીતર વિદ્યાલયનો ઘેરાવો કરવાની ચેતવણી આપવામાં આવી છે. પાટણના કેન્દ્રીય વિદ્યાલયમાં બનેલી આ ઘટના માત્ર એક વિદ્યાર્થીની જ નહી પરંતુ સમગ્ર શિક્ષણ વ્યવસ્થાને પ્રશ્નાકિંત કરે છે, પીડીતાને ન્યાય મળે અને ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે માટે કડક પગલા લેવા અનિવાર્ય છે.

### ભાજપ દ્વારા આગામી ૨૫ સપ્ટે. થી ૨૫ ડીસે. સુધી હર ઘર સ્વદેશી ઘર ઘર સ્વદેશી , અભિયાન હાથ ધરવામાં આવશે

## ભાજપના નેતાઓ દુકાને દુકાને ફરી સ્વદેશી ઉત્પાદનો વહેંચવા વેપારીઓને કરશે આહવાન

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

આત્મનિર્ભર ભારત સંકલ્પ અભિયાન અંતર્ગત પ્રદેશની કાર્યશાળા ગાંધીનગર ખાતે પ્રદેશ પ્રમુખ તેમજ કેન્દ્રીય જળ શકિત મંત્રી સીઆર પાટીલની અધ્યક્ષતામાં અને રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, એસસી મોરચાના રાષ્ટ્રીય મહામંત્રી અને સાંસદ ભોલાસિંહ તેમજ પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજીની ઉપસ્થિતીમાં યોજાઈ હતી.

આ કાર્યશાળામાં આત્મનિર્ભર ભારતના ઈન્ચાર્જ તેમજ રાજયના પુર્વ ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યુ હતુ કે ૨૫ સપ્ટેમ્બર પંડીત દિનદયાળજીના જન્મ જયંતિ થી ૨૫ ડીસેમ્બર સ્વ. અટલ બિહાર વાજપાઈજીની જન્મ જયંતિ સુધી એમ કુલ ૯૦ દિવસ આત્મ નિર્ભર ભારત સંકલ્પ અભિયાન યોજાનાર છે. આ અભિયાન થકી હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશીનો મંત્ર જન જન સુધી પહોંચાડી આત્મ નિર્ભર ભારતથી ૨૦૨૭ માં વિકસિત ભારતનો રાજમાર્ગ તૈયાર કરવાનુ અભિયાન બની રહેશે. આવનાર તહેવારોમાં લોકલ ફોર વોકલ , સ્વદેશી ઉત્પાદનવાળી વસ્તુની ખરીદી કરે તે માટે જાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવશે. સ્વદેશી એટલે ભારતના લોકોના પરસેવાથી બનેલી અને જે વસ્તુની બનાવટમાં ભારતની માટીની મહેક છે. તેવી વસ્તુ સ્વદેશી, અને સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ કરવા વડાપ્રધાને આપણને સૌને આહવાન કર્યુ છે તેને સફળ બનાવવા આત્મનિર્ભર ભારત સંકલ્પ અભિયાન કાર્યશાળા યોજાઈ, આગામી દિવસોમાં જિલ્લા, મહાનગરો અને તાલુકાસ્તરે અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમો કરવામાં આવશે. મહિલા મોરચા અને યુવા મોરચા દ્વારા ઘરે ઘરે જઈને સ્વદેશી ઉત્પાદનની વસ્તુનો પ્રચાર



પ્રસાર કરવામાં આવશે, વેપારી સેલ અને સ્થાનિક જન પ્રતિનિધિઓની મદદ થી દરેક દુકાને જઈને વેપારીઓને સ્વદેશી ઉત્પાદન અને વેચાણ વિશે પ્રચાર કરવામાં આવશે, વિદેશી સામે સ્વદેશી, જેવા વિષયો પર ડીબેટ અને મોક સંસદનુ આયોજન કરાશે.

આ કાર્યક્રમમાં સાંસદ તેમજ અનુસુચિત જાતિ મોરચાના રાષ્ટ્રીય મહામંત્રી ભોલાસિંહે માર્ગદર્શન આપતા જણાવ્યુ હતુ કે આદરણીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશની જનતાને આત્મનિર્ભર ભારત બનાવવા આહવાન કર્યુ છે. આ અભિયાન જન જન સુધી પહોચે તે ખુબ જરૂરી છે અને ભવિષ્યમાં આપણે સૌ સ્વદેશી વસ્તુની ખરીદી કરીએ, આ અભિયાનનુ લક્ષ ભારતને સામાજિક અને આર્થિક રૂપ થી આત્મનિર્ભર બનાવવાનુ છે. ભારતને આત્મનિર્ભર બનાવવા માટે હર ઘર સ્વદેશી ઘર ઘર સ્વદેશી હોવુ જરૂરી છે. આપણે સૌ એ બાળકો માટે રમકડા , લગ્ન તેમજ જીવન જરૂરીયાતની તમામ વસ્તુઓ આપણે ભારતમાં બનેલી જ વસ્તુનો ઉપયોગ કરવાનો આગ્રહ રાખવો જોઈએ, પાટીલે જણાવ્યુ હતુ કે આત્મનિર્ભર ભારતના એક મુદ્દા પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શબ્દની તાકાત છે તેના કારણે અમેરીકાને ટ્રેડ ના નિર્ણય સામે પણ આપણો દેશ મજબુતાઈથી લડી રહ્યો છે. આત્મનિર્ભરતાને આપણે સૌએ અપનાવવુ જોઈએ. આત્મનિર્ભર ભારત બનાવવા માટે લોકોને માર્ગદર્શનની જરૂર છે. દેશ પાસે મોદી સાહેબ જેવુ નેતૃત્વ છે કે જેના કારણે કોઈ વિકટ પરીસ્થિતિમાં સરેન્ડર થવાને બદલે મક્કમતાથી દેશ લડી શકે છે, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યુ હતુ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મજબુત નેતૃત્વથી આજે સમગ્ર દેશ ગૌરવ અનુભવે છે, નરેન્દ્રભાઈ મોદી લાંબા સમયથી ભારતને આત્મનિર્ભર બનાવવા પ્રયાસ કરી રહ્યા છે અને તેને અનુરૂપ યોજનાઓ પણ બનાવી છે. મોદીના નેતૃત્વમાં દેશમાં દરેક ક્ષેત્રમાં વિકાસના કાર્યો થયા છે જેના કારણે જનતાનો વિશ્વાસ વધી રહ્યો છે. આત્મનિર્ભર ભારતના અભિયાન થકી સરકાર અને સંગઠન સાથે મળી જન જન સુધી પહોચાડવાનુ છે. આત્મનિર્ભર ભારતથી આપણો દેશ મજબુત બનશે.

આ કાર્યક્રમમાં રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી રત્નાકરે જણાવ્યુ હતુ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશને આત્મનિર્ભર ભારત બનાવવા આહવાન કર્યુ છે તેને સફળ બનાવવા આપણે સૌએ સાથે મળીને પ્રયાસ કરીએ, જન જન સુધી આત્મનિર્ભર ભારતના સંકલ્પને પહોચાડીએ, આવનાર તહેવારોમાં પ્રજાજનો લોકલ ફોર વોકલ ના મંત્રથી વસ્તુઓની ખરીદી કરે તે માટે જાગૃતતા લાવીએ.

ગરવી ગુજરાતમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

ગરવી ગુજરાત
ગરવી ગુજરાત
એક શુભેચ્છક

### એક જગ્યા ખાલી થાય તો અધિકારીઓ અપગ્રેડની રાહમાં : અનેકને દિલ્હી થી પણ પરત બોલાવાશે

## ગુજરાત સરકારમાં મંત્રી મંડળની વાત તો દુર રહી પણ હવે આગામી માસમાં સચિવ કક્ષામાં થનારૂ કાઉન્ટડાઉન

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં ભાજપના સંગઠનથી નવા પ્રદેશ પ્રમુખની નિયુકિત અને મંત્રી મંડળમાં ફેરફાર એ તો માત્ર ફકત ચર્ચા અને અટકળોનો વિષય બની ગયો છે. છેક દિલ્હી સુધી આ હાલત છે અને તેના અનેક કારણો અપાઈ રહ્યા છે. પણ રાજયના વહિવટી તંત્રમાં ફેરફાર એ ચર્ચા હવે આગળ રહી છે. ખાસ કરીને હવે તહેવારો શરૂ થનાર છે, અને બાદમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ આવશે તે પુરી થતાં થતાં જાન્યુઆરી મહિનો આવી જશે. એ



વચ્ચે રાજયમાં આગામી ૩ મહિનામાં ૩ સીનીયર મોસ્ટ આઈએએસ અધિકારીઓ નિવૃત્ત થઈ રહ્યા છે અને તેથી સનદી અધિકારીઓમાં ચર્ચા છે કે રાજયના નવા મુખ્ય સચિવથી અન્ય મહત્વના પદો પર કોને લોટરી લાગશે, ખાસ કરીને મુખ્ય સચિવ પંકજ જોશી ઓકટોબર માં નિવૃત્ત થનાર છે. આમ પણ તેઓ હાલ એકસટેન્શન પર છે અને તેની મુદત નવેમ્બરમાં પુરી થશે તો શું તેમના સ્થાને નવા મુખ્ય સચિવ આવશે કે પંકજ જોશીને ફરી એકસટેન્શન આપવામાં આવશે. પંકજ જોશી સરકાર ભાજપની ગુડબુકમાં છે. મુખ્ય સચિવ બન્યા અગાઉ એડીશનલ ચીફ સેક્રેટરી તરીકે તેઓ લાંબો સમય કામગીરી કરી છે અને હાલ પણ તેઓ સરકારની વહિવટી પાંખનુ જે રીતે નેતૃત્વ કરે છે તેથી પણ સરકારને અનેક વિવાદોથી તેઓએ દુર રાખી છે. હવે તેઓએ સ્થાનિક ચુંટણીઓ સુધી જો એકસટેન્શન મળે તો બીજા નંબરના સૌથી સીનીયર અધિકારી મનોજદાસને રાહ જોવી પડે. દાસ પણ સક્ષમ અધિકારી સાબિત થયા છે પણ છેલ્લા કેટલાય સમયથી મીડીયાથી દુર રહેતા મીડીયા આલમમાં ચર્ચાનો વિષય બનવા પામ્યા છે.

જો કે પંકજ જોશી બાદ સુનયના તોમર બીજા નંબરના સીનીયર છે, પણ તેઓ નવેમ્બરમાં નિવૃત્ત થઈ રહ્યા છે અને તેથી જો પંકજ જોશીને સરકાર કોઈ નવી ભુમિકા આપે તો મનોજદાસને જ મુખ્ય સચિવ બનાવાશે તેવી ચર્ચા છે. હવે જો મનોજદાસ મુખ્ય સચિવ બને તો સીએમઓ માં પાવરફુલ ગણાતા મુખ્યમંત્રીના નવા પ્રિન્સીપલ સેક્રેટરી કોણ તેમાં પણ નવા નામોની ચર્ચામાં તેઓ મહેસુલ સચિવ જયંતિ રવી, કૃષિ વિભાગના એસીએમ અંજુ શર્મા, નાણાં વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરી ટી નટરાજન, ઉદ્યોગ ખાણ વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરી મમતા વર્મા તથા શિક્ષણ વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરી મુકેશકુમાર તથા ખેલકુદ યુવા સાંસ્કૃતિક બાબતોના અશ્વિનીકુમાર આ નામો ચર્ચામાં છે. તો રાજયમાં જે રીતે અધિકારીઓ દિલ્હીમાં ડેપ્યુટેશન પર જઈ રહ્યા છે તેથી હવે ખાલી જગ્યા પુરવા માટે રાજય સરકારે કેન્દ્રમાં ડેપ્યુટેશન પર રહેલા અધિકારીઓ જેની મુદત પુરી થઈ છે અથવા થઈ રહી છે તેને ગુજરાત પરત મોકલવા વિનંતી કરી છે. જો આમ થાય તો અડધો ડઝન જેટલા અધિકારીઓ ફરી ગુજરાતની સરકારની સેવામાં આવી જશે.

RNI No. GUJGUJ/2008/26148 Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad,Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002,Ahmedabad,Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad,Gujarat-380 002. and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# ભારતીય મૅરીટાઇમ સેક્ટર
## વિકાસની લહેરો, વિશ્વાસનો આધાર

## समुद्र से समृद्धि

મૅરીટાઇમ સેક્ટરની કાયાકલ્પ





માનનીય વડાપ્રધાન

# શ્રી નરેન્દ્રભાઈ મોદીના

વરદ્હસ્તે

## ભારત સરકાર અને ગુજરાત સરકારની વિવિધ યોજનાઓનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત

### ₹૭,૬૭૦+ કરોડ
(MoPSW, ભારત સરકાર)ની યોજનાઓ
**ભારતના સમુદ્રી તટીય વિકાસના નવા દ્વાર**

- **શ્યામા પ્રસાદ મુખર્જી પોર્ટ ઓથોરિટીની 3 યોજનાઓ:** કન્ટેનર ટર્મિનલ (PPP) દ્વારા વેપારને પ્રોત્સાહન, ફ્લોટિંગ LNG ટર્મિનલથી ઊર્જા પુરવઠામાં વધારો તથા બર્થ આધુનિકીકરણથી પોર્ટ કામગીરીમાં કાર્યક્ષમતામાં થશે વધારો.
- **પારાદીપ પોર્ટ ઓથોરિટીની ૪ યોજનાઓ:** નવા ૨ બર્થનું લોકાર્પણ અને હાલના ૨ બર્થનું મશીનીકરણ જેથી કાર્ગો હેન્ડલિંગ ક્ષમતામાં થશે વધારો.
- **કામરાજર પોર્ટ લિમિટેડની ૨ યોજનાઓ:** સુરક્ષિત અને સાતત્યપૂર્ણ પોર્ટ કામગીરી માટે HSE અનુસરણ અને સંરચનાને મજબૂત બનાવશે.
- **દીનદયાળ પોર્ટ ઓથોરિટીની ૧૧ યોજનાઓ:** ઉન્નત મૉનિટરિંગ અને સુરક્ષા સિસ્ટમ, ગ્રીન બાયો-મીથેનોલ પ્લાન્ટ, બહુહેતુક કાર્ગો બર્થ, નવી ઓઇલ જેટ્ટી, સિવિલ વર્ક અને બર્થ અપગ્રેડેશન – જે વેપાર અને સ્થિરતામાં સુધારો કરશે.
- **ઇનલેન્ડ વૉટરવેઝ ઓથોરિટી ઑફ ઇન્ડિયા (IWAI)ની 3 યોજનાઓ:** ૨ સ્થળોએ શિપ રિપેરિંગ સુવિધાઓ તથા ૧ ફ્રેઇટ વિલેજ – જે આંતરિક પરિવહન અને લોજિસ્ટિક્સ સિસ્ટમને બનાવશે મજબૂત.
- **ચેન્નાઇ પોર્ટ ઓથોરિટી, મુંબઇ પોર્ટ ઓથોરિટી અને અંદામાન-નિકોબાર હાર્બર વર્કસની ૧-૧ યોજના:** પ્રાદેશિક પોર્ટ સુવિધાઓ અને કનેક્ટિવિટી મજબૂત કરશે.

### ₹૨૫,૯૫૪+ કરોડ
(ભારત સરકાર અને ગુજરાત સરકાર)ની ગુજરાતમાં યોજનાઓ
**રસ્તા, ઊર્જા અને પ્રત્યેક નાગરિકની સુવિધામાં કરશે વધારો**

- **ગુજરાત સરકારની ૧૯ યોજનાઓ:** કનેક્ટિવિટી સુધારવા માટે રસ્તાઓ, સ્વચ્છતા માટે ગટર વ્યવસ્થા, ઉન્નત આરોગ્ય સુવિધાઓ, તટીય સુરક્ષા માટે સી-વોલ્સ અને સ્વચ્છ ઊર્જા માટે સૌર પ્રોજેક્ટ્સ.
- **ઊર્જા અને પેટ્રોકેમિકલ મંત્રાલયની ૨ યોજનાઓ:** ઊર્જા સુરક્ષા માટે રીગેસિફિકેશન ટર્મિનલ અને ઔદ્યોગિક ઉત્પાદન વધારવા માટે એક્રેલિક્સ/ઓક્સો આલ્કોહોલ પ્રોજેક્ટ.
- **ઊર્જા અને પેટ્રોકેમિકલ મંત્રાલયની 3 યોજનાઓ:** સુરેન્દ્રનગર અને વડોદરામાં ૨ સૌર ઊર્જા પ્રોજેક્ટ્સ તથા PM-કુસુમ ફીડર લેવલ સોલરાઇઝેશન – ગ્રામ્ય વીજ પુરવઠાને સશક્ત બનાવશે.
- **ઊર્જા અને પેટ્રોકેમિકલ મંત્રાલયની 3 યોજનાઓ:** ૨ મોટા સૌર પ્રોજેક્ટ (300 મેગાવૉટ અને 600 મેગાવૉટ) તથા ૧ પવન ઊર્જા પ્રોજેક્ટ (૫૦ મેગાવૉટ) – નવીન ઊર્જા ઉત્પાદન વધારવા માટે.
- **ઊર્જા મંત્રાલયની 3 યોજનાઓ:** ખાવડા સોલર પાર્કનો વિકાસ – 3 વિસ્તારોમાં સ્વચ્છ ઊર્જા ક્ષમતામાં થશે વધારો.
- **માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયની ૨ યોજનાઓ:** ગ્રામ્ય વિસ્તારમાં રોડ કનેક્ટિવિટીથી ગુજરાત ગતિશીલતામાં અગ્રેસર

### વિશેષ ઉપસ્થિતિ

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

**શ્રી સર્બાનંદ સોનોવાલ**
માનનીય કેન્દ્રીય મંત્રી
પોર્ટ્સ, શિપિંગ અને જળમાર્ગ, ભારત

**શ્રી મનસુખ માંડવિયા**
માનનીય કેન્દ્રીય મંત્રી
શ્રમ અને રોજગાર, યુવક બાબતો અને રમતગમત, ભારત

**શ્રી સી. આર. પાટીલ**
માનનીય કેન્દ્રીય મંત્રી
જળશક્તિ, ભારત

### અતિથિ વિશેષ

**શ્રી શાંતનુ ઠાકુર**
માનનીય કેન્દ્રીય રાજ્ય મંત્રી
પોર્ટ્સ, શિપિંગ અને જળમાર્ગ, ભારત

**શ્રીમતી નિમુબેન જે. બાંભણિયા**
માનનીય કેન્દ્રીય રાજ્ય મંત્રી
ગ્રાહકોની બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ, ભારત



૨૦ સપ્ટેમ્બર ૨૦૨૫, શનિવાર | સવારે ૦૯:૦૦ વાગે | જવાહર ગ્રાઉન્ડ, ભાવનગર, ગુજરાત

જીવંત પ્રસારણ: DD News | CMOGuj | CMOGuj | CMOGujarat | CMOGujarat

### હોસ્પીટલ અને શૈક્ષણિક સંસ્થાઓ ની આસપાસ ડીજે પર પ્રતિબંધ મુકવામાં આવ્યો

## અમદાવાદમાં નવરાત્રીના ગરબા પર પોલીસનુ જાહેરનામુ: રાત્રે ૧૨ વાગ્યા બાદ લાઉડ સ્પીકર પર પ્રતિબંધ



પ્રતિનિધિ,ગાંધીનગર

નવરાત્રીના તહેવારને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે ગરબા રસીકો માટે માઠા સમાચાર આવ્યા છે. અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરે નવરાત્રી ૨૦૨૫ માટે એક નવુ જાહેરનામુ બહાર પાડયુ છે. આ જાહેરનામા મુજબ રાત્રે ૧૨ વાગ્યા પછી માઈક સિસ્ટમ, લાઉડ સ્પીકર અને પબ્લીક એડ્રેસ સિસ્ટમનો ઉપયોગ કરી શકાશે નહી. ગયા વરસે એટલે કે ૨૦૨૪ માં રાજય સરકારે ગરબાને મોડી રાત સુધી ચાલુ રાખવા માટે છુટ આપી હતી. પરંતુ ચાલુ વરસે એવી કોઈ છુટછાટ આપવામાં આવી નથી. નવા નિયમ અનુસાર ૨૨ સપ્ટેમ્બર થી ૧ ઓકટોબર સુધી નવરાત્રીના ૧૦ દિવસ અને ૨ ઓકટોબરે દશેરાના દિવસે રાત્રે ૧૦ વાગ્યા થી ૧૨ વાગ્યા સુધી જ રાસ ગરબા માટે લાઉડ સ્પીકર સિસ્ટમનો ઉપયોગ કરી શકાશે. રાત્રે ૧૨ વાગ્યા પછી નિયમનો ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જાહેરનામામા ગરબા આયોજકો માટે પણ ખાસ સુચનાઓ આપવામાં આવી છે. હોસ્પીટલ, શૈક્ષણિક સંસ્થાઓ અને કોર્ટની ૧૦૦ મીટરની ત્રિજયામાં માઈક સિસ્ટમ કે લાઉડ સ્પીકર વગાડવા પર સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આ ઉપરાંત દશેરાના દિવસે ટ્રાફીક વ્યવસ્થા જાળવવા માટે પણ ખાસ નિયમ બહાર પાડવામાં આવ્યો છે. ૨ ઓકટોબરે દશેરાના દિવસે સવારે ૮ વાગ્યા થી રાત્રે ૧૨ વાગ્યા સુધી તમામ પ્રકારના ભારે વાહનોને શહેરની અંદર પ્રવેશવા દેવામાં આવશે નહી. આ નિર્ણયથી ગરબાના આયોજકો અને રસીકોમાં નિરાશા જોવા મળી રહી છે. જો કે પોલીસનુ કહેવુ છે કે શાંતિપૂર્ણ અને સુવ્યવસ્થિત રીતે તહેવારની ઉજવણી થાય તે માટે આ પગલા લેવામાં આવ્યા છે.

### યાત્રીકોને પડતી તકલીફ માટે હિતરક્ષક સમિતિ દ્વારા હેલ્પ લાઈન નંબર જાહેર કરાયા

## ભાવનગરમાં મોદીના કાર્યક્રમમાં પ્રજાને એકઠી કરવા માટે ૧૨૦૦ એસટી બસો ફાળવી દેતા ૨૫૦૦ રૂટ રદ કરાયા: લાખો મુસાફરો રોડ ઉપર રઝળશે



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત એસટી મુસાફર હિતરક્ષક સમિતિના ગુજરાતના પ્રતિનિધિ ગજેન્દ્રસિંહ ઝાલા, એડવોકેટ ઈન્દુભા રાઓલ, દિલીપભાઈ આસવાણી, નાગજીભાઈ વિરાણી, પ્રદિપસિંહ જાડેજા(ગોંડલ) પઢીયાર બલવંતસિંહ (ભુજ, અંકલેશ્વર) પૂર્વ ફોજી નટુભા ઝાલાની સંયુકત યાદી જણાવે છે કે દર વખતની જેમ વડાપ્રધાન અને મુખ્યમંત્રીના કાર્યક્રમમાં ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમની (એસટી) બસો ના રૂટ કેન્સલ કરી લોકોને હાલાકી અને હાડમારી ઉભી કરી જનમેદની ઉભી કરવા પ્રજાના ખર્ચે તાગડધીન્ના કરવા એસટીની બસો કબ્જે લેવામાં આવે છે. આજે તા. ૨૦ સપ્ટેમ્બર ના રોજ ભાવનગર ખાતે વડાપ્રધાનના કાર્યક્રમમાં ૧૨૦૦ એસટી બસો દોડાવાશે અને ૨૫૦૦ રૂટ માં કાપ મુકાતા અફડાતફડીનો માહોલ રહેશે. ૧૯/૯ શુક્રવારના રોજ ભાવનગર ખાતે તમામ એસટી બસોને પહોંચાડી દેવાના આદેશો કરવામાં આવ્યા છે જેને પગલે તા. ૧૯ અને ૨૦ સીનીયર સીટીઝનો, મહિલાઓ, બાળકો અને વિદ્યાર્થીઓની હાલત કફોડી બની જવા પામી છે. મુસાફરોની સુવિધા ઝુંટવી લઈ એસટી બસોનો દુરુપયોગ સામે ગુજરાત એસટી મુસાફર સમિતિનો સખ્ત શબ્દોમાં વિરોધ છે. જાણ મુજબ અમદાવાદ, વડોદરા, નડીયાદ, મહેસાણા, ભરૂચ, ગોધરા, પાલનપુર, હિંમતનગર, સહિતના ડીવીઝનોમાંથી અંદાજે દરેક ડીવીઝનોમાંથી ૧૦૦ એસટી બસો વડાપ્રધાનના કાર્યક્રમમાં ફાળવી દેવા આદેશો કરવામાં આવ્યા છે. રાજયભરમાં હાલ નિયમિત એસટીની ૮૫૫૦ બસો દોડી રહી છે અને રોજીંદા ૨૯ લાખ મુસાફરો અપડાઉન કરી રહ્યા છે અને ૨૫૦૦ રૂટ કેન્સલ થવાના કારણે લાખો મુસાફરોને હાલાકી ભોગવવી પડશે. સરકાર એક બાજુ કરકસરયુકત વહિવટની વાતો કરે છે. તો બીજી તરફ સરકાર છે ૩૦૦ થી ૪૦૦ કિ.મી. દુરથી ભાવનગર ખાતેના કાર્યક્રમમાં બસો કબ્જે લેવાશે. આટલે દુર થી ખાલી આવતી બસોમાં ઈંધણનો ધુમાડો થશે. મુસાફરોને હાલાકી વેઠવી પડશે અને એસટીના બસસ્ટેશન ઉપર અફળા તફળીનો માહોલ રહેશે અને ખાનગી વાહનો દ્વારા એસટીના મુસાફરોને ફરજીયાત લુંટાવવુ પડશે. મુસાફરોને બે દિવસ સુધી હાલાકી ભોગવવી પડે તેમ હોવા છતાં એસટી દ્વારા કોઈ હેલ્પ લાઈન નંબર જાહેર કરેલ નથી. પરંતુ કોઈ યાત્રીકોને કોઈપણ જાતની તકલીફ પડે તો ગુજરાત એસટી મુસાફર હિતરક્ષક સમિતિના હેલ્પલાઈન નંબર ૯૪૨૬૨ ૨૯૩૯૬ પર મદદ લઈ શકો છો. મુસાફરોની કોઈપણ ફરીયાદો હોય તો આ હેલ્પલાઈન નંબર પર આધાર પુરાવા સાથે મોકલવા જણાવાયુ છે.

## અમરેલી જિલ્લાના ધારાસભ્યો સહિત અન્ય ધારાસભ્યોએ સરકારની નિષ્ક્રીયતા ઉજાગર કરતા પત્રો લખતા ખળભળાટ



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં હાલમાં રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. પ્રજાના કામો ન થતા ભાજપના જ ધારાસભ્યો અને સાંસદો મેદાને પડયા છે. સરકારની નિષ્ક્રીયતાના કારણે પ્રજામાં વધી રહેલા અસંતોષને લઈ સત્તાધારી પક્ષ ભાજપના ધારાસભ્યોએ પત્ર લખીને સરકારની આબરૂ ધુળધાણી કરી છે, આ લેટરવોર એટલી ઉગ્ર બની છે કે સરકાર કે પક્ષ કોઈપણ આ અંગે જાહેરમાં મીડીયા સામે બોલવા તૈયાર નથી.

ગુજરાતમાં ભાજપની સરકાર અને પક્ષ વચ્ચે સંકલનનો અભાવ સ્પષ્ટ દેખાઈ રહયો છે. ધારાસભ્યો ખુલીને સરકાર વિરોધી નિવેદનો અને રજુઆતો કરી રહ્યા છે. છતાં કોઈપણ પ્રકારની કાર્યવાહી થઈ રહી નથી. કુમાર કાનાણી, સંજય કોરઠીયા, યોગેશ પટેલ, કેતન ઈનામદાર, અમુલ ભટ્ટ, ડી કે સ્વાપી, જે વી કાકડીયા, હિરાભાઈ સોલંકી, મનુભાઈ પટેલ, અભેસિંહ તડવી, હાર્દિક પટેલ, અરવિંદ લાડાણી અને જનકભાઈ તળાવીયા જેવા અનેક ધારાસભ્યોએ વિવિધ મુદ્દાઓ પર સરકારની નિષ્ક્રીયતા ઉજાગર કરતા પત્રો લખ્યા છે એકાદ બે નહી, અત્યાર સુધીમાં કેટલાય ધારાસભ્યો સરકારની નિષ્ક્રીયતા ઉજાગર કરતા પત્રો લખી ચુકયા છે પરીણામે સરકારની આબરૂ ધુળધાણી થઈ છે. જેમ કે કુમાર કાનાણી કહે છે કે સુરતમાં ખાડી પુરની સમસ્યાનો ઉકેલ નહી આવે તો ના છુટકે આંદોલનમાં જોડાવવુ પડશે, સંજય કોરઠીયા કહે છે કે કોઈ અધિકારી કામ માટે રૂપીયા માંગે તો મારી પાસે આવજો, યોગેશ પટેલ કહે છે જિલ્લા કલેકટર કચેરીઓ ભ્રષ્ટાચારનો અડ્ડો બની ગઈ છે. સરકારનુ નિયંત્રણ જ નથી. કેતન ઈનામદાર કહે છે વિધવા બહેનોની જમીનમાં બોગસ ખેડુતો ઘુસ્યા છે. છતાં તંત્ર તમાશો જુએ છે. અમુલ ભટ્ટ કહે છે ટ્રાફીક પોલીસ મહિલાઓ સાથે અભદ્ર વર્તન કરે છે, તેવા પ્રશ્નો ઉઠાવ્યા છે.

### હુડા શહેરી વિકાસ સત્તા મંડળના કારોબારી અધિકારીની વિકાસની વાતને હિંમતનગર વાસીઓએ ફગાવી

## હિંમતનગરમાં હુડાને અમે કોઈપણ સંજોગોમાં સ્વીકારવા તૈયાર નથી: હુડાનો ડ્રાફટ પ્લાન જાહેર થતા જ વિરોધનો વંટોળ




પ્રતિનિધિ,ગાંધીનગર

હિંમતનગર શહેરમાં હુડા (હિંમતનગર શહેરી વિકાસ સત્તા મંડળ) લાગુ થયા બાદ હુડાનો ડ્રાફટ પ્લાન જાહેર થતાની સાથે જ વિરોધનો વંટોળ ઉભો થયો છે. હિંમતનગર વાસીઓ કહી રહ્યા છે કે હિંમતનગરમાં હુડાનો અમે કોઈપણ સંજોગોમાં સ્વીકારવા તૈયાર નથી. ખાસ કરીને હુડામાં સમાવિષ્ઠ ૧૧ ગામના સ્થાનિકો દ્વારા વિરોધ દર્શાવવામાં આવી રહ્યો છે. ત્યારે આગામી સમયમાં હુડા રદ કરવા માટેના કાર્યક્રમોની પણ તૈયારીઓ કરી દેવામાં આવી છે. આ માટે હુડાનો અમલીકરણ થાય તે માટે ૧૧ ગામના સરપંચો અને ગ્રામજનો દ્વારા એક કમિટીની રચના કરવામાં આવી છે. રાજય સરકાર દ્વારા જિલ્લાના મુખ્યમથક હિંમતનગરમાં અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી લાગુ કરવામાં આવી છે. જે બાબતે તાજેતરમાં તંત્રએ ડ્રાફટ પ્લાન જાહેર કર્યો છે. આ ડ્રાફટ પ્લાનમાં હિંમતનગર આજુબાજુના ૧૧ ગામનો સમાવેશ પણ કરવામાં આવ્યો છે. જો કે આ હુડાનો અમલીકરણ થાય તે ૧૧ ગામના વ્યકિતઓને મંજુર ન હોવાનો વિરોધ પણ શરૂ થઈ ચુકયો છે. જેથી આ ૧૧ ગામના સરપંચો અને ગામના આગેવાનો દ્વારા હાલમાં એક કમિટીની રચના કરવામાં આવી છે અને પ્રથમ તબકકાનો વિરોધ દર્શાવવાની શરૂઆત કરી દીધી છે. હિંમતનગર શહેરમાં અગાઉ વર્ષ ૨૦૧૫ માં પણ હિંમતનગર અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી લાગુ કરવામાં આવી હતી. પરંતુ તે સમયે પણ ૧૧ ગામના લોકો દ્વારા ઉગ્ર વિરોધ દર્શાવવામાં આવ્યો હતો જેમાં હિંમતનગર નજીકના હડીયોલ ગામના ખેડુતોની મોટા ભાગની જમીનો કપાતમાં જતા હડીયોલ ગામના ખેડુતોએ રીતસર રોડ રસ્તા ચક્કાજામ કર્યો હતો. જેને લઈને તે સમયના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દ્વારા હુડાના અમલીકરણને સ્થગિત કરી દેવામાં આવ્યો હતો. જો કે ત્યારબાદ ફરી એકવાર હિંમતનગર શહેરમાં હુડાનુ અમલીકરણ થવા જઈ રહ્યુ છે. તે પૂર્વે જ વિરોધ નો વંટોળ શરૂ થયો છે અને ખાસ કરીને ૧૧ ગામના આગેવાનો દ્વારા અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી સમક્ષ વિરોધ કરી રહ્યા છે. મુખ્ય તો ખેડુતો અને સ્થાનિકો હુડા રદ કરવા માટે જ વિરોધ કરી રહ્યા છે. સ્થાનિકોની વાતો પ્રમાણે અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટીના ૧૯૭૬ ના નિયમ અનુસાર ખેડુતોની જમીન સંપાદીત થતી નથી પરંતુ આ હુડાના ડ્રાફટ પ્લાનમાં ૪૦ ટકા જમીન કપાત થતી હોવાને લઈ ખેડુતો વિરોધ દર્શાવી રહ્યા છે. જેથી ખેડુતોને તો આ પ્લાનથી જ મોટુ નુકશાન થયુ હોય એવુ લાગી રહ્યુ છે. ત્યારે હાલમાં ખેડુતો દ્વારા હુડાના અમલીકરણ બાબતે અરજીઓ રજુ કરી વિરોધ દર્શાવવામાં આવી રહ્યો છે અને આગામી કાર્યક્રમો ઘડવામાં આવી રહ્યા છે. ખાસ આ અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટીમાં ૧૧ ગામના ૯ હજાર સર્વે નંબરની ૨૦ હજાર એકર જમીન ધરાવતા ૩૫ હજાર ખેડુત ખાતેદારોની જમીન અને મિલ્કતનો સમાવેશ થાય છે. જેના કારણે આ વિરોધનો વંટોળ ઉભો થયો છે તો બીજી તરફ અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટીના સીઈઓ દ્વારા હુડા અંગેની સમજણ આપવા સાથે ખોટી અફવાઓને લઈ સ્પષ્ટતા જાહેર કરી છે. હુડા અંતર્ગત કોઈ જ ખેડુતોની જમીન સંપાદન કરવામાં આવનાર નથી. જે ખેડુતોની જમીન રીંગરોડ સહિતમાં ઉપયોગમાં લેવાશે તેમને જમીન માટે જમીન આપવાની જોગવાઈ છે. જે મુજબ ફાઈનલ પ્લોટ આપવામાં આવશે. નોંધનીય છે કે વર્ષ ૨૦૧૫ દરમિયાન હુડાનુ અમલીકરણ કરવામાં આવ્યુ હતુ પરંતુ ૧૧ ગામના લોકો દ્વારા વિરોધ દર્શાવવામાં આવ્યો હતો. જેને લઈને તે સમયે હુડા સ્થગિત કરી દેવામાં આવ્યુ હતુ અને ત્યારબાદ હવે ફરી હુડા અમલમાં આવ્યુ અને ડ્રાફટ પ્લાન તૈયાર થયો ત્યારે ૧૧ ગામના ગ્રામજનો દ્વારા ફરી એકવાર વિરોધ દર્શાવવાની તૈયારીઓ શરૂ થઈ ચુકી છે. જો કે આગામી સમયમાં હુડા રદ કરવા બાબતે ફરી એકવાર જન આંદોલન થાય તેવી શકયતાઓ સેવાઈ રહી છે.

## ગુજરાતના બોર્ડ-નિગમના કર્મચારીઓને ૭માં પગારપંચ મુજબ લઘુત્તમ પેન્શન મળશે

### ૭માં પગારપંચ અનુસાર માસિક લઘુત્તમ પેન્શન રૂપીયા ૯ હજાર સુનિશ્ચિત કરાયું: ૧ ઓકટોબર ૨૦૨૫થી અમલ કરાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજય સરકારના જાહેર સાહસો, બોર્ડ અને નિગમોમાં કાયમી ધોરણે સમાવિષ્ઠ થયેલા કર્મચારીઓના હિતમાં એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાત સરકારના નાણાં વિભાગે એક ઠરાવ પસાર કરીને આ કર્મચારીઓ માટે ૭ માં પગારપંચ અનુસાર માસિક લઘુત્તમ પેન્શન રૂપીયા ૯ હજાર સુનિશ્ચિત કર્યુ છે. આ નિર્ણયનો અમલ ૧ ઓકટોબર ૨૦૨૫ થી કરવામાં આવશે.

રાજય સરકારમાંથી જાહેર સાહસો (બોર્ડ અને કોર્પોરેશન ) માં કાયમી ધોરણે સમાવિષ્ઠ થયેલા કર્મચારીઓને લઈને હાલ એક મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે. રાજય સરકારે ૭ માં પગારપંચના અનુસંધાનમાં લઘુત્તમ પેન્શન મળવાની સુવિધા એબ્સોર્બ પેન્શનરોને પણ લાગુ કરવાનો ઠરાવ જાહેર કર્યો છે.

આ નિર્ણયના પગલે હજારો પેન્શનરોને ન્યાય મળી રહેશે અને તેમના માસિક આવકમાં વધારો થશે. નાણાં વિભાગ દ્વારા જારી કરાયેલા ઠરાવની પ્રસ્તાવનામાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યુ છે કે રાજય સરકારમાંથી જાહેર સાહસોમાં કાયમી ધોરણે સમાવિષ્ટ થયેલા કર્મચારીઓને ૭ માં પગારપંચ મુજબ લઘુત્તમ પેન્શન ચુકવવા અંગેની બાબતની સક્રિય વિચારણા હેઠળ હતી. અગાઉ રાજય સરકારના અન્ય પેન્શનરોને ૭ માં પગારપંચનો લાભ આપવામાં આવ્યો હતો અને આ એબ્સોર્બ થયેલા પેન્શનરો માટે અલગથી હુકમ કરવાની જોગવાઈ રાખવામાં આવી હતી.

સુત્રોના કહેવા પ્રમાણે રાજયના વિવિધ કર્મચારી મંડળો તરફથી મળેલી રજુઆતો તેમજ ભારત સરકાર દ્વારા સમાન પ્રકારના કર્મચારીઓ માટે જાહેર કરાયેલી સુચનાઓને ધ્યાનમાં લેતા જે એબ્સોર્બ પેન્શનરોને લઘુત્તમ પેન્શન કરતા ઓછી રકમ મેળવી રહ્યા હતા તેમને રાહત આપવાનો સરકારે નિર્ણય લીધો છે. સરકારના આ ઠરાવ મુજબ જે કર્મચારીઓ રાજય સરકારની સેવામાંથી જાહેર સાહસો, બોર્ડ કે કોર્પોરેશનમાં કાયમી રીતે સમાવિષ્ઠ થયા છે અને ૭ માં પગારપંચના અમલ છતાં માસિક રૂપીયા ૯ હજાર કરતા ઓછુ પેન્શન મેળવી રહ્યા છે. તે તમામને હવે લઘુત્તમ રૂપીયા ૯ હજાર પેન્શન ચુકવવામાં આવશે. આ લાભ તારીખ ૧ ઓકટોબર ૨૦૨૫ થી રોકડમાં મળશે. જયારે તે પહેલાના સમયગાળા માટે આ લાભની ગણતરી નોશનલ ગણવામાં આવશે.

## ગરીબોના અનાજ માટે સરકાર લાખો રૂપીયા ખર્ચે છે : પરંતુ પુરવઠા નિગમની લાલીયાવાડી



પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના પુરવઠા નિગમની સતત લાલીયાવાડી થી અંતે રાજયના વેપારીઓનુ સૌથી મોટુ સંગઠન ઓલ ગુજરાત ફેર પ્રાઈઝ શોપ એસોસીએશન વિફર્યુ છે અને હવે વેપારીઓના પ્રશ્નો હલ કરવા માટે સીધી મુખ્યમંત્રી સમક્ષ ધા નાખી છે, એસોસીએશને મુખ્યમંત્રીને પાઠવેલા આવેદનમાં જણાવાયુ છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મ દિવસ પર સમગ્ર દેશ એમને ગરીબ અને મધ્યમવર્ગ માટે મુકેલી અનેક યોજનાઓને યાદ કરીને શુભેચ્છા પાઠવી રહ્યો છે. ત્યારે આજે એક પરપ્રાંતિય મજુર દ્વારા સપ્ટેમ્બર મહિનામાં મળવાપાત્ર જથ્થો જે દુકાનદાર પાસેથી પોર્ટીબીલીટી મારફતે મેળવતો હતો એ ન મળવા બાબતે નિસાસો નાંખતા રજુઆત મળી ત્યારે થયુ કે એક વ્યકિત કે જે સિસ્ટમ પ્રજાલક્ષી બને એ માટે રાતદિવસ મહેનત કરે છે ત્યારે એમના જ અધિકારીઓ કેવા ગતકડા કરીને આવી સારી યોજનાનુ બાળમરણ કરવા તત્પર છે. હા, આ હકીકત છે, ગુજરાત પુરવઠા વિભાગે મજાક બનાવીને રાખી દીધી છે. વડાપ્રધાનની મહત્વકાંક્ષી ઓએનઓઆરસી યોજનાને એમના મહત્વકાંક્ષી પ્રોજેકટને વિભાગ દ્વારા ધ્રૃમિલ કરવામાં આવી રહ્યો છે. આ યોજના થકી સમગ્ર દેશમાં કોઈપણ લાભાર્થી ગ્રાહક દેશની કોઈપણ વ્યાજબી ભાવની દુકાન ઉપર પોતાનો જથ્થો મેળવી શકે છે. આ યોજનાની અમલવારી ગુજરાત સરકારે ઢોલ વગાડીને અઢળક જાહેરાત સાથે કરી હતી, આ યોજનાના અમલીકરણ માટે પુરવઠા નિયામક કચેરી તરફથી દુકાનદારોને અલગથી પોર્ટીબીલીટી નો જથ્થો ફાળવવાનો હોય છે. એના માટે નિતી બનાવવી જોઈએ, નિયમો બનાવવા જોઈએ. જેના થકી આ યોજના સફળ થઈ શકે છે એવા વ્યાજબી ભાવના દુકાનદારોને પણ સાંભળવા જોઈએ પણ ના, દુકાનદારની વાત સાંભળવા માં કદાચ નીચા થઈ જવાય નો ડર અધિકારીઓને સતાવી રહ્યો છે. જેથી એસોસીએશન સાથે મંત્રણા કરવા સુધ્ધાનો આ અધિકારીઓ પાસે સમય નથી. પહેલા આ યોજનાના અમલીકરણ સમયે ૫ ટકા જથ્થો પોર્ટીબીલીટીના નામે દરેક દુકાન ઉપર આપવામાં આવ્યો, ત્યારબાદ બીજા મહિને કઈ નહી, આવો સીલસીલો અમુક સમય ચાલ્યા પછી ૧૦ ટકાથી ૨૫ ટકા સુધી આપ્યો જેમાં ૦ થી ૨૫ ટકા જરૂરીયાત મુજબ જથ્થો દુકાનદાર મેળવી શકે, પછી આ બંધ કરીને એક મહિનો પોર્ટીબીલીટી થતી હોય કે ના થતી હોય, બધાને ફરજીયાત ૨૫ ટકા જથ્થો આપવામાં આવ્યો, પછી એવો તઘલખી નિયમ બનાવવામાં આવ્યો કે દુકાનદાર ના છેલ્લા ૩ મહિનાના પોર્ટીબીલીટીના વ્યવહારોને ધ્યાને લઈને દુકાનદારે પહેલા મામલતદાર કચેરીમાં જથ્થા માટે માંગણી મુકે, ત્યારબાદ મામલતદાર દુકાનદાર ના ૩ મહિનાના ઓનલાઈન રીપોર્ટના આધારે જિલ્લામાં મોકલે અને જિલ્લા કચેરી નિયામક કચેરીને દરખાસ્ત કરે, ત્યારબાદ પરમીટ બને અને હવે આ મહિનાથી દરેક દુકાનને ૫ ટકા ફરજીયાત આ જથ્થો ફાળવી દેવામાં આવ્યો છે જેમાં જરૂર નથી એમની પાસે જથ્થો પડયો રહેશે અને જયાં વધુ જરૂર છે ત્યાં ગ્રાહકોને આ યોજનાનો લાભ મળશે નહી.

આમ જાણે કે આ યોજનાના અમલીકરણ માટે અધિકારીઓને કોઈ રોકટોક નહી, કોઈ નીતિ નિયમ નહી, કોઈ કાયદાનો ડર નહી, વ્યવસ્થાની પણ શરમ નહી, ફકત તગલખી નિર્ણયો જ કરવાના, કેવા કેવા ખેલ ખેલવાના ? જેમ કે છેલ્લા ૩ મહિનાના રીપોર્ટને આધારે ફાળવણી, ગુજરાત મોડેલ દેશનુ સમૃધ્ધ સુશિક્ષિત અને ગુડ ગર્વનસ વાળા રાજયમાં વ્યાજબી ભાવના દુકાનદારો જથ્થા માટે લીટરલી ટળવળે અને ગ્રાહકોની ગાળો ખાય અને આની પાછળ પુરવઠા નિગમના ડોર સ્ટેપ ઈજારદાર સાથેનુ ઈલુ ઈલુ છે કેમ કે એમને બે થી ત્રણ વાર નાની નાની ડીલેવરી આપવા જવુ પડે, હાલ તો પરીવહનમાં આવતા મજુર અને ડોર સ્ટેપ ઈજારદારો નિગમને આંગળીના વેઢે નચાવે છે. અધિકારીઓ એમને થાબડ ભાણા કરે છે. સમગ્ર ગુજરાતમાં આવા ઈજારદારો પાસેથી નિયમો મુજબ કામગીરી લેવામાં આવતી નથી, ગોડાઉનમાં જથ્થો ન હોય ને પરમીટો મુકાય છે. પહેલા તો સરકાર યોજના ચલાવતી હતી, હવે તો અન્ન સુરક્ષા કાયદા ૨૦૧૩ હેઠળ સરકારની કાયદાકીય જવાબદારી છે. ત્યારે જાહેર વિતરણ વ્યવસ્થાની કાયદાકીય જવાબદારી કોના શિરે ? ઝોનલ કચેરી / મામલતદાર ડીએસએમ કેડીએસ ઓકે નિયામક કચેરી ? આ સિસ્ટમને સુચા ચલાવવાની જેની નૈતિક અને કાયદાકીય જવાબદારી છે એ સમગ્ર ચેનલ જથ્થાની ફાળવણી લઈને દુકાનદાર સુધી સમયસર જથ્થો પહોચે અને ત્યાંથી ગરીબ લાભાર્થીઓના ઘર સુધી પહોચે એ માટે પોણાભાગનો મહિનો પુરો થાય ત્યાં સુધી રાહ જોઈને બેસી રહે છે. વીસી થી આંકડાકીય માહિતી લેવાયા બાદ અને ૪૫ દિવસની સાયકલ હોવા છતાં આજની તારીખે ગુજરાતમાં કોઈ દુકાન ઉપર સમયસર જથ્થો પહોંચતો નથી. આ હકીકત છે. પછી પાણી માથા સુધી આવે એટલે ધીરે ધીરે હરકતમાં આવે અને અગ્ર સચિવ કે મુખ્ય સચિવની વીસી ને ધ્યાને લઈને વ્યાજબી ભાવના દુકાનદારો પર તાત્કાલીક વિતરણ માટે ઘોંસ બોલાવે છે. સરકાર પોતાના ઘઉં, ચોખા હોવા છતાં અને લાખો રૂપીયાનુ આંધણ કરવા છતાં નિયમ મુજબ સમયસર આ અનાજ ગોડાઉન સુધી અને ત્યાંથી વ્યાજબીભાવની દુકાન સુધી નથી પહોચાડી શકતા, ત્યાં ગ્રાહકની તો વાત જ નથી થતી, જો મહિનાના ૧૫ દિવસ પછી ગોડાઉન ખાતે અનાજ પહોચે તો અને દુકાન સુધી મહિનાની આખરે તારીખે પણ જથ્થો પહોચે તો પણ સત્તાવાળાઓ પોતે સરસ કામગીરી કર્યાનો સંતોષ માણતા હોય છે. જાણે કે દુકાનદાર અને કાર્ડ ધારકો તો આ ચેનલમાં જ ન આવતા હોય,

## ઈડર વાસીઓ પાલિકાના ભ્રષ્ટાચાર થી ત્રાહીમામ પોકારી ખાડારાજ અને ગટરની સમસ્યાથી કંટાળી સ્થાનિકોએ ગટર પર ભાજપના ઝંડા સાથે કર્યો ઉગ્ર વિરોધ



પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના ઈડર ની વહિવટીદાર શાસિત પાલિકામાં વિકાસના કાર્યોમાં ભ્રષ્ટાચાર ખદબદી રહ્યો હોવાના આરોપો ઈડર વાસીઓએ લગાડયા છે. ચોમાસા દરમિયાન ખરાબ રસ્તાઓ અને ગટરોની સમસ્યાથી ત્રાહીમામ સ્થાનિકોએ પાલિકામાં અનેકવાર રજુઆતો કરી હોવા છતાં કોઈ પરીણામ ન મળતા અંતે ત્રાહીમામ પોકારી ઉઠેલા રહીશોએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. ઈડરના સ્થાનિક યુવાઓને ભાજપનો ઝંડો ગટર પર અને ખાડા ઉપર લગાડી ખાડા રાજમાંથી મુકિતની માંગણી કરી છે. ઈડર પાલિકામાં છેલ્લા અઢી વરસથી વહિવટદારનુ શાસન ચાલી રહ્યુ છે પરંતુ વિકાસના કામોમાં મસમોટો ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાના ઈડરવાસીઓએ આક્ષેપ કર્યા છે. ઠેર ઠેર રોડ પર ખાડા પડી ગયા નુ અને ગટરો ઉભરાતી હોવાની અનેકવાર રજુઆતો કરવામાં આવી છે. પરંતુ વહિવટી તંત્ર દ્વારા આંખ આડા કાન કરવામાં આવી રહ્યા હોવાનુ સ્થાનિકો જણાવી રહ્યા છે. અધિકારીઓ સહિત કર્મચારીઓ સામે ભ્રષ્ટાચારને લઈ તપાસની માંગ કરી છે. સ્થાનિકોએ વિરોધ સાથેના વિડીયો સોશીયલ મીડીયામાં પુરજોશમાં વાયરલ કર્યા હતા.

**પશ્ચિમ રેલ્વે**

**હાલના ટેલિકોમ નેટવર્કનું અપગ્રેડેશન**

સિનિયર ડિવિઝનલ સિગ્નલ અને ટેલિકોમ એન્જિનિયર (CO), બીજો માળ, ડિવિઝનલ રેલ્વે મેનેજર ઓફિસ, મુંબઇ સેન્ટ્રલ, મુંબઇ - 400 008, ઇ-ટેન્ડર નંબર: WR-MMCT-SnT-STTD-014-2025 તા. 17/09/2025 આમંત્રિત કરે છે. કામનું નામ: ચર્ચગેટ: હાલના ટેલિકોમ નેટવર્કનું અપગ્રેડેશન અને GM ઓફિસ બિલ્ડીંગ અને ચર્ચગેટ સ્ટેશન બિલ્ડીંગમાં સ્થાપિત જૂના/વધુ જૂના ટેલિકોમ ઉપકરણો અને વાયરિંગને બદલવા. કામની કિંમત: રૂ. 9,71,05,813.95 બિડ સિક્યોરિટી: રૂ. 6,35,500/-. ઇ-ટેન્ડર દસ્તાવેજો સબમિટ કરવા માટે બંધ કરવાની તારીખ અને સમય: તા. 09.10.2025 ના 15:00 કલાક સુધી. ઇ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: તા. 09.10.2025 ના રોજ 15:30 કલાકે. ટેન્ડર વેબસાઇટ www.ireps.gov.in પર જોઇ શકાય છે.

0609

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે - વડોદરા વિભાગ**

**B.G. WAGONS અને RMTS ના સંપૂર્ણ CBC એસેમ્બલીનું ઉતારવું, સમારકામ અને માઉન્ટિંગ**

ટેન્ડર નંબર M137_MECH_PRTN_OT_25_13R1

કામનું નામ: પ્રતાપનગર વર્કશોપ ખાતે B.G. WAGONS અને RMT (રેલ મિલ્ક ટેન્કર) ના સંપૂર્ણ CBC એસેમ્બલીનું ઉતારવું, સમારકામ અને માઉન્ટિંગ.

કામનો અંદાજિત ખર્ચ: ₹ 2,08,37,641.24/- (રૂપિયા બે કરોડ,આઠ લાખ સાડત્રીસ હજાર છસો એકતાલીસ અને ચોવીસ પૈસા માત્ર)

બિડ સુરક્ષા: 2,54,200/- (રૂપિયા બે લાખ ચોપન હજાર બસો માત્ર)

પૂર્ણતા સમયગાળો: 24 (ચોવીસ) મહિના

ઓફરની માન્યતા: 60 દિવસ.

ટેન્ડર સબમિટ કરવાની અંતિમ તારીખ અને સમય: 13-10-2025 ના બપોરે 15:00 કલાકે.

વેબસાઇટની વિગતો અને સ્થાન માટે સૂચના જ્યાં સંપૂર્ણ વિગતો જોઈ શકાય છે: વેબસાઇટ: www.ireps.gov.in ચીફ વર્કશોપ મેનેજર,પ્રતાપનગર, પશ્ચિમ રેલ્વેની ઓફિસ-390004

BRC-193

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly